અપીલ અરજી નં.૮ તા.૬–૪–૧૧/૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી યાસ્મીન સીદ્દીક તંબુવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી યાસ્મીન સીદ્દીક તંબુવાલાની તા.૧૧–૩–૧૧ની અરજીથી વોર્ડ નં.૧૦/૨૪૩૮ ટેના.નં.૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૨ તથા ૦૦૩ માં ટેનન્ટનું નામ કમી કયા આધારે કર્યુ ?અમારી વાંધા અરજી હોવા છતાં તથા સ્મોલ કોઝ કોર્ટમાં દાવા નં.૮૭/૨૦૧૦ દાવો ચાલી રહેલ જેની લેખિત જાણ તા.૨૬–૮–૧૦ તથા ૭–૩–૧૧ ના રોજ વાંધા અરજીથી કરેલ હોવા છતાં તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૦૬–૪–૧૧ ની **SMC/FAP/** નં.૮ /૨૦૧૧–૧૨

શ્રી યાસ્મીન સીદ્દીક તંબુવાલાની તા.૧૧–૩–૧૧ની અરજીથી વોર્ડ નં.૧૦/૨૪૩૮ ટેના.નં.૧૦બી–૧૫–૧૧૧૧ –૦–૦૦૨ તથા ૦૦૩ માં ટેનન્ટનું નામ કમી કયા આધારે કર્યું? અમારી વાંધા અરજી હોવા છતાં તથા સ્મોલ કોઝ કોર્ટમાં દાવા નં.૮૭/૨૦૧૦ દાવો ચાલી રહેલ જેની લેખિત જાણ તા.૨૬–૮–૧૦ તથા ૭–૩–૧૧ ના રોજ વાંધા અરજીથી કરેલ હોવા છતાં તેની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ના પત્ર નં.એ.આર.ડી. /૧૯૫ તા.૧૭–૩–૧૧થી આપેલ માહિતીના નિર્ણયથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૦૬–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તેમજ કમી કરવા અંગે સ્થળ તપાસ રીપોર્ટ કે જે દફતરી આધાર હોય તે રજૂ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫ તા.૧૩–૪–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કોર્ટ મેટર અંગેના દાવાના આધાર તથા તેઓ ભાડુત હોવાના પુરાવા નિર્દિષ્ટ સમય પૈકી માટે, રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૯૫ તા.૬–૫–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એઆરડી/૧૯૫ તા.૧૭–૩–૧૧ ના પત્રની નકલ, સદર ટેના નં.૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૨ અને ૦૦૩ પેમેન્ટ રસીદની નકલ જેમાં તા.૨૧–૭–૧૦ ની રસીદમાં બાબત હેઠળના ટેનામેન્ટ નંબરમાં ઓકયુપાયરમાં અનુક્રમ સીદ્દિક મોહમદ તંબુવાળા તથા યાસ્મિન તંબુવાળાના નામ જણાય છે જે અત્રે મળેલ છે તે સિવાયની કમી કરવા અંગે સ્થળ તપાસ રીપોર્ટ કે અન્ય દફતરી આધારની વિગતો રજૂ થયેલ નથી. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૧–૩–૧૧ ની અરજીથી ટેના નં.૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૨અને ૦૦૩ ટેના. નું નામ કમી કયા આધારે કર્યુ વાંધા અરજી હોવા છતાં સ્મોલ કોર્ટમાં દાવા નં.૮૭/૨૦૧૦ થી દાવો હાલમાં ચાલે છે તેની લેખિત જાણ કરેલ છતાં તા.૨૬–૮–૧૦ અને તા.૭–૩–૧૧ ના રોજ તેવું જણાવતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૯૫ તા.૬–૫–૧૧ થી " વોર્ડ નં.૧૦/૨૪૩૮ થી નોંધાયેલ મિલ્કત ટેના નં. ટેના નં.૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૨ તથા ૦૦૩ થી નોધાયેલ ભાડુતોના નામો તેઓની અરજી સાથે રજૂ કરેલ ગુમાસ્તાધારા લાયસન્સ તેમજ સ્થળ તપાસમાં મળેલા ભાડુતોના કબ્જાના આધારે દાખલ કરવામાં આવેલ. પરંતુ આ બાબતે ભાડુતો અને માલિકો વચ્ચે કોર્ટ મેટર થયેલ માલમ પડતાં તેમજ ગુમાસ્તાધારા વિભાગ તરફથી તા.૫–૧૨–૦૯ ના રોજ ભાડુતોના ગુમાસ્તાધારા પ્રમાણપત્રો રદ કરેલ માલમ પડતાં ભાડુતો પાસે કાયદેસરના ભાડુતો હોવાના પુરાવા માંગવામાં આવેલ. જે તેઓ તરફથી રજુ કરવામાં નહીં આવતાં ઉકત ટેના નંબરોથી દાખલ ભાડુતોના નામો રદ કરવામાં આવેલ છે. પરંતુ સ્થળ ઉપર કબ્જાના આધારે ' ધી હોલ્ડર' તરીકે નોંધ આકારણી દફતરે કરવામાં આવેલ છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૬–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ અને આધાર પુરાવાઓ સહિત માંગેલ માહિતી સંદર્ભે ખરી હકીકતલક્ષી માહિતી આપવાને બદલે ભાડુતો તરફથી પુરાવા રજૂ કરવામાં નહીં આવતાં નામો રદ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં સદર ટેનામેન્ટમાં દાખલ નામો ભાડુતોની અરજી સાથે રજૂ કરેલ ગુમાસ્તા લાયસન્સ તેમજ સ્થળ ઉપર મળેલા કબ્જાના આધારે નામો આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ. આ બાબતે મિલ્કતના માલીક તરફથી વખતો વખતની વાંધા અરજી સંદર્ભે ભાડુતો પાસેથી કાયદેસરની માંગણીના પુરાવાની માંગણી કરતાં તેઓ તરફથી પુરાવા રજૂ નહીં થતાં તેમજ ભાડુત/માલિક વચ્ચે કોર્ટ મેટર થયાનું માલુમ પડતા ભાડુત તરીકેના નામો રદ કરી નિયમ મુજબ ફકત કબ્જાના આધારે 'ધી હોલ્ડર' તરીકેની નોંધ આકારણી

દફતરે કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મોકલેલ વેરાની રસીદો તેનું સમર્થન કરતી જણાય છે. તેમજ અરજદારે અપીલ તબકકે પણ ભાડુત અંગેના અપીલ તબકકે આરટીઆઈ સેલ/૫૫ તા.૧૧–૩–૧૧ થી પત્ર પાઠવવા છતાં કોર્ટ મેટરના દાવાનો આધાર તેમજ ભાડુત હોવાના પુરાવાની વિગતો રજૂ કરવામાં સફળ રહેલ નથી. આમ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨–(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પુરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી વિગતે સમય મર્યાદામાં પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો બાબત હેઠળના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી ફી ભરપાઈ કરવાની રીતે જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આપેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)......જાણ તથા અમલ માટે
(૨) શ્રી યાસ્મીન સીદ્દીક તંબુવાલા